


*Beautiful fabrics**
*from*
**Finlay's**
*for beautiful things*
*to happen.*
**Beautiful Serif shirts too*

Finlay Mills Ltd./Gold Mohur Mills Ltd.
Garment Enterprises Ltd.

॥ વિજયતે શ્રી બાલકૃષ્ણ: પ્રભુ ॥

પુજ્ય પાદ

# ગો સ્વામી શ્રી ૧૦૦૮ શ્રી ગોકુલનાથજી મહારાજ

## સ્મારક ગોરક્ષક ટ્રસ્ટ મુંબઈ.

રેલ, રાહત અને આકસ્મિક સંજોગોમાં ગોરક્ષાના કાર્યમાં ઉપયોગી થવા રચાએલા આ ટ્રસ્ટના લાભાર્થે

સહર્ષ રજુ કરે છે

ગોસ્વામી શ્રી મુકુંદરાયજી રચિત નૃત્ય નાટિકા

# "રાધા પિય પ્યારી"

દિનાંક :–બુધવાર તા. ૧૭–૯–૧૯૭૫

સ્થળ :–બીરલા માતુશ્રી સભાગાર

સમય : સાંજના ૭–૩૦ કલાક.

સમારંભના અધ્યક્ષ : શ્રી નાનાલાલ ડી. મહેતા
( મુંબઇના માનનીય મેયર સાહેબ )

સમારંભના અતિથિ વિશેષ : શ્રી મહાવીર અધિકારી
(તંત્રીશ્રી નવભારત ટાઇમ્સ)


આ ટ્રસ્ટના માનદ્ ટ્રસ્ટી સાહેબો

શ્રી ગોરધનદાસ વલભદાસ ચત્રભુજ
શ્રી પુરષોતમદાસ રામજી
શ્રી કંચનલાલ સી. લીમડી
શ્રી દ્વારકાદાસ ડી. શાહ

શ્રી હરિદાસ દેવીદાસ માધવજી
શ્રી નરોત્તમદાસ દેવીદાસ માધવજી
શ્રી જમનાદાસ લક્ષ્મીદાસ
શ્રી નારાયણદાસ મથરાદાસ


કાર્યાલય : મે. માધવજી ઠાકરશી સન્સ એન્ડ કું.
પ્રોસ્પેકટ ચેમ્બર્સ, ડી. એન. રોડ, મુંબઇ–૪૦૦ ૦૦૧.

॥ વિજયતે શ્રી બાલકૃષ્ણ પ્રભુઃ ॥

# પુજ્ય પાદ ગોસ્વામી શ્રી ૧૦૦૮ શ્રી ગોકુલનાથજી મહારાજ સ્મારક ગોરક્ષક ટ્રસ્ટ મુંબઇ.

## -: નમ્ર નિવેદન :-

**માનનીય ગૌભક્ત,**

આપણો ભારતવર્ષ ખૂબ વિશાળ દેશ છે, જ્યાં દર વર્ષે કાંઇક ને કાંઇક આકસ્મિક આફતો આવી પડે છે. એક બાજુ દુષ્કાળી વર્ષ હોય તો બીજી બાજુ રેલના પુર ફરી વળે. આપણા ખેતી પ્રધાન દેશમાં એથી ધણું નુકસાન થાય છે. માનવ અને પશુધનની મુસ્કેલી ઉભી થાય છે.

ખેતી માટે ગોવંશ અતી ઉપયોગી છે. અને તેથીજ ગોસેવા, ગોરક્ષણ, ગોસંવર્ધનનું કાર્ય હાથ ધરવું એવો પ્રચાર વર્ષોથી થાય છે. આ માટે પુ. આચાર્યવર્ય અને આદર્શ ગોરક્ષક શ્રીમદ્ વલ્લભકુલ કૌસ્તુભ નિ. લી. ગો. શ્રી ગોકુલનાથજી મહારાજશ્રીએ ગોરક્ષાને પણ ખુબ મહત્વ આપ્યું હતું. એ કાર્યને આગળ વધારવા મહારાજશ્રીના સ્મારક રૂપે આ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી. જેનો ઉદ્દેશ ભારત વર્ષમાં ગોરક્ષા, ગોપાલન, ગોસંવર્ધનના કાર્યમાં સાથ આપવાનો છે.

દર વખતે "આગ લાગે ત્યારે કુવો ખોદવા" માફક રાહત માટે દોડધામ થાય અને ભાવના પ્રધાન જનતા સહકાર આપી સંકટ સમય પસાર કરાવે છે. પરંતુ, ફાળો જમાવવા નિકળીએ ત્યારે ઘાસચારો મેળવવા તકલીફ થાય અને સમયસર સહાય પહોંચી શકે નહીં અને તે દરમ્યાન કેટલાય પશુધનનો નાશ થાય: તેથી આ માટે કાંઈક કાયમી યોજના કરવી અને સારૂ એવું ફંડ તૈયાર હોય તો તાત્કાલીક રાહત કાર્ય શરૂ કરી શકાય એવા વિચારથી અને પુ. અચાર્યવર્યનું સ્મારક રહે તે માટે આ ટ્રસ્ટ રચવાનું નક્કી કર્યું.

સૌરાષ્ટ્રના ગયા વર્ષના દુષ્કાળ સમયેજ આ નાટિકા અને અન્ય સહાય મેળવવાના પ્રયાસો કરવાના હતા પરંતુ જ્યારે નિર્માણ માંડેલુ હોય છે ત્યારેજ કાર્ય બને છે આજે રેલના પુર ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, ગુજરાતના ઘણાં ભાગમાં ફરી વળ્યા છે જ્યાં માનવીને પારાવાર સંકટ આવી પડ્યું છે તેમજ ખેતી ઉપયોગી ગોવંશની પણ ખુબ હાની થઈ છે ત્યારે આ ટ્રસ્ટે નમ્ર પ્રયાસ તરીકે આ પ્રથમ પ્રયાસ કર્યો છે. પરંતુ અમારી ધારાણા છે કે હવે પછી સારૂ એવું ફંડ, આશરે પંદરેક લાખના લક્ષાંકનું જમા કરવું, જેથી સંકટ સમયમાં તુરતજ સહાય પહોંચાડી શકાય. અમોને વિશ્વાસ છે કે સાચા અને જરૂરી કાર્યમાં વૈષ્ણવ ગોભક્ત, જીવદયાપ્રેમી જનતાનો કાયમ સહકાર મળી જ રહે છે.

આ વખતે પણ ટુંક સમયમાં શરૂ કરેલ આ પ્રયાસોમાં પણ દાતાઓએ સ્વેચ્છાએજ પ્રેમપુર્વક સહકાર આપ્યા છે. આ નાટિકા રજુ કરવા માટે અમારો ઉદ્દેશ હાલતો ફક્ત આ ટ્રસ્ટના હેતુ જનતાની જાણમાં આવે અને આ શુભ પ્રચાર શરૂ થાય તથા પુ. મહારાજશ્રીના પ્રાકટ્ય દિનનુ સ્મરણ કાયમ બની રહે. આ પ્રેરક પ્રસંગે સર્વે સખીદાતાઓએ જે પ્રેમપુર્વક સહકાર આપ્યો છે તેના અમો ખૂબજ આભારી છીએ.

છેલ્લે છેલ્લે ગણત્રીના દિવસોમાં ગોભકત વૈષ્ણવ જનતાએ જાહેરખબર આપવાની ઇચ્છા દર્શાવતા આ પુસ્તીકામાં તે સ્મરણીકારૂપે જોડવામાં આવેલ છે.

આ કાર્યમાં સાથ આપનાર દરેકનો અમો અંતઃકરણ પુર્વક આભાર માનીએ છીએ.

ટ્રસ્ટના આશરે પંદર લાખ રૂપિયા જેટલા લક્ષાંકને પુર્ણ કરવા અમો જ્યારે જ્યારે ઝોળી ફેલાવશું ત્યારે ત્યારે આપનો યોગ્ય સહકાર મળી રહેશે એવી અપેક્ષા ઇચ્છતા.

માનદ ટ્રસ્ટીઓના જયશ્રીકૃષ્ણ.

# ... दीक्षितजी महाराज

टेलीफोन नं० ~~सेन्ट्रल~~ ३२१६०८८

~~टेलीग्राफिक एड्रेस~~

होलिहिट

बड़ा मन्दिर

३, भोइवाड़ा

भुलेश्वर, बम्बई नं० २


ता० २४ अप्रैल १९७५

[illegible]

[illegible]

દૃશ્ય પહેલું

## અજ્ઞાતયૌવના

સંધ્યાનો સમય છે. મધુવનમાં શ્રીકૃષ્ણ વેણુ વગાડી રહ્યા છે. વેણુનાદ સાંભળીને રાધા દોડતી આવે છે. બંનેનું પ્રથમ મિલન થાય છે તથા રાધાકૃષ્ણનો સંવાદ :

**સખી** : શ્યામ પૂછે છે.

**કૃષ્ણ** : ગોરી તું કોણ છે ? ક્યાં રહે છે ? અને કોની પુત્રી છે ? વ્રજની ગલીઓમાં તને ક્યારે પણ જોઈ નથી ?

**રાધા** : વ્રજની ગલીઓમાં અમે શું કરવા આવીએ ? અમે અમારા ઘરના આંગણે રમીએ છીએ. અમે એમ સાંભળ્યું છે કે તમે દરેક ગોપીઓને ત્યાં દહીં અને માખણની ચોરી કરતા ફરો છો.

**કૃષ્ણ** : પણ તમારું તો અમે કંઈપણ ચોર્યું નથી તો પછી અમારી સાથે રમવા કેમ આવતા નથી ?

**સખી** : સુરદાસના રસિક શિરોમણી પ્રભુએ આ રીતે વાતોવાતોમાં ભોળી રાધાને ભરમાવી.

**સખી** : પહેલી જ વાર બંનેમાં સ્નેહના અંકુર ફૂટવા લાગ્યા. બંનેના નયનોએ પરસ્પર વાતો કરી અને આ રીતે ગુપ્ત પ્રીતિ પ્રકટ થઇ.

**કૃષ્ણ** : કોઈવાર વ્રજમાં નંદસદનમાં અમારે ત્યાં રમવા કેમ નથી આવતા ? મારું નામ કાન્હ છે. મારા દ્વાર પર કોઈપણ વખત આવીને મને બોલાવી લેવો. એમ ન કહેતા કે મારું ઘર દૂર છે. કારણ કે અહીંથી પણ તમે બોલાવશો તો પણ મને સંભળાશે. તમને તમારા પિતા વૃષભાનજીના સોગંદ છે. કોઈપણ વખત સાંજે અથવા સવારે એક વખત તો આવજો. તમે કેટલા નિર્દોષ લાગો છો તેથી તમારો સાથ મેળવવાની ઇચ્છા રાખું છું.

**સખી** : આ રીતે બંને વાતો કરતાં પરસ્પર ભેટી પડ્યાં.

દૃશ્ય બીજું

## વિદગ્ધા નાયિકા

સંધ્યાનો સમય છે. એ રાસ રસિકેશ્વરની ચતુર સ્વામિની રાધા ઘનશ્યામને મળવા કુમુદવનમાં આવે છે. એ સમયે નભમંડળમાં ઘનઘોર ઘટા ઊમટી રહી છે, આકાશમાં વીજળીના ઝબકારા થઈ રહ્યા છે. ઝરમર ઝરમર વર્ષા વ રહી છે. તેમાં પોતાની ચૂંદડી ભીંજાઈ ન જાય તે માટે ર કૃષ્ણને વિનંતી કરે છે.

**રાધા** : સારું થયું કે ગાયો ચરાવીને ઘરે જતાં તમે મને મળી ગય હું તો સાંજી માટે ફૂલ વીણવા આવી હતી. જુઓ કેવી ઘનઘોર વર્ષા થઈ રહી છે. તેમાં કંઈ દેખાતું પણ નથી વળી મારી લાલચટક ચૂંદડીને વર્ષાના નીરથી બચાવવી જુઓ વીજળી કેવી ચમકી રહી છે. મારી આંખો અંજાઈ રહી છે. તો તમે મને હૃદયસરસી ચાંપી કેમ નથી લેતા મદનમોહન, તમે તો ચતુર સુજાન છો, તમારી કાળી ક મને ઓઢાડી દો.

દૃશ્ય ત્રીજું

# રૂપગર્વિતા

આકાશમાં ઉષાના પગરવ થઈ રહ્યાં છે. સૂર્યના કિરણો કોકિલાવનના વૃક્ષો અને લતાઓને દેદીપ્યમાન કરી રહ્યાં છે. તે સમયે રાધા પોતાના સખીવૃંદ સાથે કોકિલાવનમાં જળ ભરવા માટે પ્રવેશ કરે છે, ત્યાં રાધા અને ગોપીઓનો સંવાદ થાય છે.

ગોપીઓના ઘરમાં જઈને માખણ ચોરે અને પોતાના સખાઓને ખવરાવવામાં આનંદ માને એવો એ નંદનો લાલો કનૈયો ગોપીઓની સાથે હાસ્યવિનોદમાં સપડાયો છે.

એ દરમ્યાન લાવણ્યમયી વૃષભાનદુલારી રૂપગર્વિતા રાધાનો પ્રવેશ અને રાધાકૃષ્ણના સંવાદ :

**કૃષ્ણ** : રૂપ, ગુણ, મદ, ઉન્માદી સ્નેહ અને રોષથી ભરેલા તારા નયનો ફસાવવાની કળામાં પારંગત છે. આ તારા અલબેલા નયનો જ્યારે પોતાની અકડમાં આમતેમ ફરે છે ત્યારે સ્નેહથી ભરેલા હોવાથી કેટલાંયના પ્રાણ હરી લે છે. ઉઘાડા હોવા છતાં સંકોચવશ અડધા ખુલેલા મીન, કુંજ, ખંજન અને હરણના ગર્વને ચૂર કરનારા તારા નયનો પ્રચુર આનંદ વરસાવી રહ્યાં છે. તારી અણિયાળી અત્યાચારી આંખો જેવી આંખો મેં ક્યાંય જોઈ નથી. અહર્નિશ હત્યારા તારા આ નયનો શૂળની જેમ મારા હૃદયમાં ભોંકાઈ રહ્યા છે.

**કૃષ્ણ** : પોતાના રૂપ અને ગુણનો ઘમંડ કરનાર તું મારા હૃદયમાં તીરની જેમ બેસી ગઈ છે. સ્નેહમાં ઉછરી હોવાથી અલ્લડ પોતાની વાણીથી સર્વના મનને હરી લે છે. પોતાના નવયૌવનના ગર્વમાં અલબેલીનો આંચળ ટકતો નથી. મહાચતુરોને પણ પોતાની ભોળી વાતોથી આશ્ચર્યચકિત કરી મૂકે છે, કે બીજી કોઈ વાત તેમના હૃદયમાં ઊતરતી નથી. રાતદિવસ તારી વાતોથી હૃદય મગ્ન રહે છે. તારું સુખ ઉપજાવનાર મુખનું મંદ મંદ ઉઘડવું અને તારું હાસ્ય એવું મોહ પમાડે છે કે જેની દૃષ્ટિ એકવાર પડે પછી ત્યાંથી ખસતી નથી.

**રાધા** : બીજાનું મન તમે હંમેશા ચોરી લો છો પણ તમારું પોતાનું મન કોઈ ને હજી સુધી આપ્યું હોય એવું જાણ્યું નથી. તમે સ્વપ્નમાં પણ કોઈ દુઃખ જોયું નથી તેથી સંકોચ અને વિચાર છોડીને સુખી છો. કોઈ વખત એવો સંજોગ આવે કે તમે તમારી જાતથી એક ક્ષણ માટે જુદા થઈ જાવ અને પછી તમારા વિયોગમાં મદમસ્ત બની આમતેમ ભટકતા ફરો ત્યારે તમે જાણી શકશો કે તમારા વિયોગમાં મારી દશા કેવી થાય છે!

સ્નેહનો માર્ગ એટલો સીધો છે કે અહીં ચતુરાઈના વળાંકની જરૂર નથી. જેઓ આ માર્ગના સાચા પથિક છે તેઓ પોતાનું પારકું ભૂલીને આગળ ચાલતા રહે છે. પણ જેઓ નિર્ભય બનીને આ માર્ગે નથી જતા તે કપટી મુસાફરો હંમેશા ભયભીત રહે છે. ધનઆનંદના પ્યારા સુજાન! સાંભળો અહિંયા એકથી બીજો અંક છે જ નહિ પણ તમે એવું ક્યાં શીખ્યા છો કે બીજાનું મન તો પૂરેપૂરું હરી લો છો પણ તમારું મન કોઈ ને એક છટાંક પણ આપતા નથી.

**કૃષ્ણ** : સ્નેહથી ભરેલી નવેલી, નાગરી, તું રૂપ અને ગુણની ખાણ
તું બ્રહ્માની એક અનુપમ રચના છે. તારા નયનોની ચપળતા
ભૃકુટિની ચપળતા, અને મધુરવાણીવાળી તું કામદેવના મંત્ર
સિદ્ધિ છે. તારા પ્રત્યેક અંગમાં રતિકલાની સંપદા ભરી છે.
ગૌરમુખવાળી તું સુખ અને રંગની રિદ્ધિ છે. જ્યારે જ્યારે
તને કોઈ જુએ છે ત્યારે તારામાં નવીનતા દેખાય છે. હે
પ્રાણપ્રિયતમા, એવું લાગે છે કે સમગ્ર વિશ્વનું સૌંદર્ય તારા
આવી ગયું છે.

માર્ગમાં જતા જ્યારથી તારા નયનોનો કટાક્ષ જોયો છે ત્યાર
હરણ ફાળ ભરવાનું ભૂલી ગયા છે. જેવો તેં તારો ઘુંઘટ ખો
તેવું જ તારું મુખ જોઈ ને કમળ બીડાઈ ગયું અને કુમુદિન
ખીલી ગઈ. તારી ભૃકુટિની મરોડ જોઈ ને કામદેવનું મન
ઊઠ્યું અને હાથમાંથી ધનુષ સરી પડ્યું. રાધા પરમાનંદ પ્ર
પગ દબાવી રહી હતી. પણ પોતાના રૂપની પ્રશંસા સાંભળ
ગર્વના હિંડોળામાં ઝૂલવા લાગી.

## દૃશ્ય ચોથું

# ઉત્કંઠિતા મધ્યા

મધુર મુરલી વગાડતો. ગાયોના ધણથી ઘેરાયેલો અને ગાયોની ખુરરેણુથી શ્રમિત જેનું વદન કમળ થયું છે એ કમળનયન ગોપાળના સ્વરૂપને નીરખી, જ્યાં વ્રજવાસીઓ આનંદ પામતા હતા. ત્યાં રાધા લોકલાજથી, ડરીને કોટિ ઉપાયો કરીને એ કમળનયનને નીરખવા અતુર હોવા છતાં મળી શકી નહિ.

રાધા : ઊંચી નીચી ભૂમિ પર ચાલવાથી એના વક્ષ પરની સુંદર વનમાલા એવી હાલી રહી છે કે તે જોઈ ને કરોડો કામદેવ ન્યોછાવર થઈ જાય છે. એના વિશાળ નયનકટાક્ષ ચિત્તમાં ખટકે છે. હે સખા ! કાલે આ ગલીમાં જ અચાનક મેળાપ થઈ ગયો, તે ક્ષણની સ્તબ્ધતાની વાત શું કરું ? મારા રોમેરોમ આનંદથી પુલકિત થઈ ગયા. ત્યારથી ગોપાલનું આગમન આજ સુધી મારી આંખોમાં વસી રહ્યું છે.

ધા : જ્યારથી સુજાન પ્યારેને આ આંખોએ નિહાળ્યો છે ત્યારથી, મારા હૃદયે ફક્ત એને અને એને જ જોવાના સોગંદ ખાધા છે.

એની રસીલી વાતોથી લોભાઈ ને હવે આ કાનોને મધુ, મકરંદ અને અમૃત કોઈપણ નામ સાંભળવું ગમતું નથી. જ્યારથી એના પ્રાણથી પણ પ્યારી ગુણોની કથા સાંભળી છે. ત્યારથી તે જ જીવનનો આધાર બની ગઈ છે. આ જિહ્વા પણ રાતદિવસ તેના જ ગુણગાન ગાયા કરે છે. મારું પ્રત્યેક અંગ તેના સંગના રંગથી રંગાયેલું છે. મારા મન સિંહાસનપર તેના ધ્યાને અધિકાર કરી લીધો છે.

આ મારો ઘુંઘટપટ સળગી કેમ નથી જતો ? તે મારા શું કામમાં આવવાનો છે ? કારણ કે તે કમળનયનને સારી રીતે જોવા પણ નથી દેતો વનમાંથી આવતાં જ માર્ગમાં મેળાપ થયો હતો પણ આ લોકોના કારણે હું લજ્જિત થઈ ગઈ. એમ તો ઘુંઘટની આડમાંથી જોવા માટે કરોડો પ્રયત્ન કર્યા પણ જોઈ ન શકી તે દિવસથી મારા નયન તેના અંગસંગના રંગરસમાં ભીંજાઈ રહ્યા છે.

દશ્ય પાંચમું

## માનિની

રાધા પોતાના ભવનમાં સખીઓને દડો રમવા માટે બોલાવી રહી છે. પછી બધા સાથે મળીને દડો રમી રહ્યાં છે. તે સમયે શ્રીકૃષ્ણ બહાર આવીને ઉભા છે, અને વિશાખાને અંદર રાધા પાસે મોકલે છે. વિશાખાને જોઈ રાધા દડો ફેંકીને રિસાઈ ને પોતાની ચૌકી પર બેસી જાય છે. આ જોઈ ને ચંદ્રાવલી અને વિશાખા રાધાને માન તજી દેવાની વિનંતી કરે છે.

**વિશાખા** : રાધા, ધ્યાનથી સાંભળ, તારા જ હિતની વાતમાં આટલું માન શા માટે માંગે છે? કોણ નથી જાણતું કે તારું મન માખણ કરતાં પણ કોમળ છે તો પણ તારી આ વાણીમાં કઠોરતા શા માટે આવી ગઈ છે? શ્યામસુંદર સાથેની અનુપમ શોભા વર્ણવવાનું સામર્થ્ય તો કોઈનામાં નથી.

**ચંદ્રાવલી** : જીવનની મૂડી ગમે તેવી હોય તો પણ તેનાથી દૂર નાસી જવાતું નથી.

**વિશાખા** : પદ્માકર કહે છે કે ગોવિંદથી કોઈ ભૂલ થઈ હોય તો તેના પર આટલો રોષ રાખવો ન જોઈએ.

**ચંદ્રાવલી** : તારા હિત માટે પ્રિયતમને પ્રેમથી હૃદય સરસો ચાંપી લે તારું ઝાંઝર પહેરી લે નહિતર માનમાં ને માનમાં જ પ્રભાત થઈ જશે.

**વિશાખા** : હે મૃગનયની! તારો ચોટલો ચરણો સુધી લહેરાય છે તેથી તો તે તારા ચરણોનો એકવાર સ્પર્શ કરી વીંટળાઈ જવા માંગે છે.

અરે! તું આટલી ઉદાસ કેમ થઈ ગઈ છે કે બોલાવવા છતાં પણ બોલતી નથી? અત્યાર સુધી તો બરાબર હસી રમી રહી હતી અને મારા આવતાની સાથે જ શું થઈ ગયું? ભમર ચઢાવીને બેઠી છે તો સામે કેમ જોતી નથી? રસિકના પ્રિતમ ક્યારના ઉભા છે અને તારા પગે પડીને તને મનાવા માંગે છે

દશ્ય છઠ્ઠું

## ખંડિતા

પ્રાતઃકાલનો સમય છે. કનૈયાએ રાત્રિના બીજા પ્રહરે સ્વામિની રાધાના ઘરે આવવાનું વચન આપ્યું હતું. કનૈયો રાત્રિના ત્રીજા પ્રહરે છુપાતો છુપાતો ઘરે આવે છે. તેનો જોતાં જ રાધા અને વિશાખાના સંવાદ :

**સખી** : પ્રિયા પ્રિયતમનું મુખ જોતી જ રહી

**રાધા** : તમારા અધરો પર આ કાજળ અને ગાલ પર આ નિશાન ક્યાંથી લાગ્યા ?

**સખી** : આ રીતે કહેતી રાધા તરત જ દર્પણ લઈ આવી.

**રાધા** : જુઓ તમારું સુંદર મુખ. સવારે ઉઠીને પહેલાં તમારું મુખ જુઓ. પછી બીજે પધારો.

**સખી** : આ રીતે અધર અને કપોલ પર કાજળના નિશાન જોઈ ને કૃષ્ણ શરમાઈ ગયા. રાધાના મુખડા સામે જોતા એમનાથી કંઈ કહેવાયું નહિ.

**સખી** : રાધા કૃષ્ણના મુખ સામે દર્પણ રાખી કહેવા લાગી.

**રાધા** : મારા સોગંદ છે તમે તમારું સ્વરૂપ તો જુઓ. મુખ કેમ ફેરવો છો ? મોટા સત્યવાદી કહેવરાવો છો તો હવે શા માટે શરમાવ છો ? રાતે નહી તો અત્યારે પણ કૃપા કરીને મારા ઘરે આવ્યા તે શું ઓછું છે ? તે રીતે ધન્ય છે કે જેણે તમારો આખ સ્વાંગ બનાવ્યો. લો ખોટું લાગ્યું. હું તો તમારા વખાણ કરતી હતી.

**સખી** : શ્યામ શ્યામાની સામે ન જોતાં ધરણી તરફ શીશ નમાવીને ઊભા છે.

**રાધા** : મોહન, દર્પણમાં કેમ જોતા નથી ? નખોથી જમીન શા માટે ખોતરી રહ્યા છો ? મારી સામે જોતા કેમ નથી ? બેસો ને ! ઉભા શા માટે છે ? શું મારાથી કોઈ ભૂલ થઈ ગઈ. સારું થયું કે રતિના ચિહ્નો સંતાડતા તમે આવ્યા. કોને સર્વસ્વ આપી આવ્યા ? આ આંખો અને અધરો પર કાજળની નિશાનીઓ ક્યાંથી લગાડી આવ્યા ? હું જ જાણું છું તમને, બીજો કોણ ઓળખી શકે ? ઘરમાં તો બહાના કાઢીને છટકી જાવ છે, તમે તો બહુનાયક અને ચતુર છો જ્યારે અમે તો ગમાર છીએ.

**રાધા** : હૃદયથી તો કઠોર છો પણ વાણી તો મીઠી બોલો છો. ઓહ ! મારા પ્રાણને પ્રિય લાગો છો. દેખાઈ તો એવું રહ્યું છે કે

સત્યની મૂર્તિ સ્વયં સામે આવી ગઈ. પણ મહાનિર્મોહી એવા બીજાના હૃદયને મોહિત કરીને છેતરો છો. સંબંધ થતાં જ છેતરપીંડી શરૂ કરો છો. કટુતાથી સંપન્ન છતાં પણ રોમરોમ અમૃતથી ભરેલું છે. અમારી મતિ તો જુઓ કે તમારા પ્રેમમાં કઈ દશા પર પહોંચી છે. તમે ગમે તેટલું કપટ કરો છતાં પણ અત્યન્ત વહાલા લાગો છો.

રાધાકૃષ્ણનો પ્રણયકલહ :

**રાધા** : આ નખના નિશાન ક્યાં લાગ્યા ?
**કૃષ્ણ** : વનમાંથી આવી રહ્યો હતો ત્યારે વાનરે લગાવ્યા.
**રાધા** : અને આ આંખો આટલી લાલ લાલ કેમ દેખાય છે ?
**કૃષ્ણ** : તારે ત્યાં આવતા સવારના સૂર્યને જોયો હતો.
**રાધા** : અને શરીર પર આ ચંદન લાગ્યું છે તે ?
**કૃષ્ણ** : એ તો આપણા પ્રેમમાં કોઈ વિઘ્ન ન આવે તે માટે ગણપતિની પૂજા કરતી વખતે લાગી ગયું હશે.
**રાધા** : તો આ નિશાનીઓ ક્યાંથી અંકિત થઈ ?
**કૃષ્ણ** : ઓહ! આ તો મારા વસ્ત્રોને લીધે અંકિત થયેલી છે.
**રાધા** : અને આખી રાત ક્યાં રહ્યા ?
**કૃષ્ણ** : નટ નૃત્ય કરી રહ્યા હતા, તે જોવા ગયો હતો.
**રાધા** : તો આટલા ભયભીત થઈ ને વાતચીત શા માટે કરી રહ્યા છો ?
**કૃષ્ણ** : આપણી આ વાત કોઈ બીજો સાંભળી ન લે, આવા વ્યર્થ સવાલ શા માટે કરે છે ? જે થયું તે થયું.
**રાધા** : આ તો હું પણ સમજું છું. જૂઠાણાનું આ આભ ફાટી રહ્યું છે. તેમાં તમે તમારી સફાઈનું થીગડું ક્યાં સુધી લગાવતા રહેશો ? શા માટે આવા જૂઠા વાયદા કરો છો કે આવીશ અને શા માટે જૂઠા સોગંદ ખાવ છો ? જે ગુણો પ્રગટ કરી રહ્યા છો તેની તો મેં તમારી પાસેથી આશા પણ રાખી ન હતી. સારું થયું ચલો દર્શન આપ્યા. મારા તો જન્મોજન્મના પાપ દૂર થયા.

પછી કૃષ્ણે પોતાની પ્રિયતમા સામે પ્રેમથી જોયું અને પ્રિયતમાએ બધા અપરાધોને ક્ષમા કરી દીધા. ચતુર સુંદરી પોતાના પ્રિયતમને ભેટી પડી.

દૃશ્ય સાતમું

# વિરહિણી

કૃષ્ણના આગમનની પ્રતીક્ષા કરતા કરતા દિવસો વીતી રહ્યા છે. વ્રજમંડળમાં ઘનઘોર ઘટા છવાઈ રહી છે. મોર અને કોયલના મીઠા ટહુકારો એના વિરહાગ્નિને વધુ પ્રજ્વલિત કરી રહ્યા છે.

**રાધા :** આ વીજળી કેટલા ઉમંગથી ચારે બાજુ હમણાં ચમકી રહી હતી અને ફરી પાછી ચમકી રહી છે. આ કોમળ લતાઓ હમણાં તો કંપી રહી હતી અને ફરી પાછી કંપી રહી છે. ભલા આવી સ્થિતિમાં કોઈપણ ધીરજ ક્યાંથી રાખી શકે ? જ્યારે આ શીતળ, મંદ અને સુગંધિત સમીર મારા તન પર ચાબખા વિંઝી રહ્યો છે ! જુઓ ને ! આ ઘનઘોર ઘટાઓ ગરજતા થાકતી નથી અને ફરી પાછી ગરજી રહી છે.

**રાધા :** પ્રિયતમ અને પ્રિયતમનો સંદેશો આજકાલ વિદેશમાં જ રહે છે. અહિંયા બન્નેમાંથી કોઈપણ આવવા માંગતું નથી. એ વિચારે મારા પ્રાણ રૂંધાઈ રહ્યા છે. જ્યારે જ્યારે મયૂરની કૂક સાંભળું છું, ત્યારે હૃદયમાં વેદના થાય છે. અને આ ચાતક પક્ષી મારા કાળજાને વીંધવાનું ચૂકતું નથી. વીજળીના ઝગહળાટથી આંખો અંજાઈ જાય છે. અને અંગેઅંગમાં શીતળ સમીરના સ્પર્શથી એક વિચિત્ર પીડા ઉત્પન્ન થાય છે. સૂર્યના કિરણોની લાલિમાંથી કોપાયમાન થયેલા વાદળો ચારે તરફથી ઘેરીને રીબાવી રીબાવીને મારવા માંગે છે.

તારી રાહ જોતાં એક ક્ષણ પણ વીતતી નથી. લાગે છે તે પણ સ્તબ્ધ થઈ ગઈ છે. મારી પલકો પણ દુઃખવા લાગી છે. અને આ વ્યાકુળ નયનો પણ થાકતા જાય છે. તારા આવવાની રાહ જોઈ જોઈ ને રાતદિવસ હૃદયમાં ઉદ્વેગનો અગ્નિ પ્રજ્વલિત થઈ રહ્યો છે. તારી ઉપાસનાના યોગમાં તપીતપીને સાધના કરી રહી છું. આ દુઃસહ્ય દુઃખદ દશામાં ભલે મારા પ્રાણ રૂંધાઈ જાય, ભલે જીવન પ્રત્યે ઉદાસીનતા આવી જાય, પણ તને મળવાની આશા છૂટતી નથી. તારા નામનું રટણ કરતાં કરતાં આ જીવન જીવી રહી છું અને જીવતી રહીશ. બધા તારા ગુણગાન ગાય છે. અને વેદ પણ તારું જ નિરૂપણ કરે છે. જે જેવી ભાવનાથી તને ભજે છે તેવું ફળ તેને પ્રાપ્ત થાય છે. તું સર્વવ્યાપી છે. તું ઉદાર અને અંતર્યામી છે. વિશ્વમાં સર્વ જ્ઞાનનો સ્વામી તું છે. એમ

કહેવાય છે કે તું સર્વગુણસંપન્ન છે. છતાં પણ મને તો તું નિર્ગુણ છે એવી પ્રતિતી થાય છે. આ વિરહાગ્નિમાં સળગતી હું બીજા કોઈને પોકારી શકતી નથી. અને તું તો મનમોજી અને નિર્દયી થઈ ગયો છે.

રાતદિવસ ઉદાસ રહું છું. ઉચ્છ્વાસની ધમણ ચાલી રહી છે. વિશ્વાસઘાતથી સ્તબ્ધ થઈ ગઈ છું. પણ આશા કમબખ્ત એવી છે કે તલસી રહી છે. પ્રિય સુજાનના વિના ઘનાનંદની આંખો એકીટશે જોવાનું કામ કરી રહી છે. કોણ મારી આ અવસ્થા વર્ણવશે અને કોણ સાંભળશે? આ પીડા હૃદયને વ્યથિત કરી રહી છે. શું કરું અને કોને કહું? હવે તો આ સંદેશપથ પણ શાંત થઈ ગયો છે.

પરજન્ય, બીજાના માટે દેહ ધારણ કરો છો. તમે તમારું નામ સાર્થક કરો છો. સાગરના ખારા જળને અમૃત જેવું બનાવી દો છો. આ તમારી સજ્જનતા શું ઓછી છે? ઘનાનંદ, તમે તો જીવનદાતા છો તો પછી મારી આ વેદના પ્રત્યે સહાનુભૂતિ કેમ રાખતા નથી? એક કામ બતાવું? કરી આપશો ને? જુઓ મારા આંસુઓને લઈ ને કોઇ દિવસ તે વિશ્વાસઘાતીના આંગણે વરસાવો ને!

રાધા : નથી ઘરમાં ગમતું કે નથી બહાર ગમતું. વન અને બાગ ભલેને ગમે તેટલા સુગન્ધિત હોય છતાં પણ ગમતું નથી. નથી ચેન પડતું કે નથી કોઈ કામમાં મન લાગતું. નથી સંધ્યા સોહામણી લાગતી કે નથી દિવસ. આ તને જ હું કહું છું કે જ્યારે કોઈ નિર્મોહીની સાથે મન લાગી જાય છે તો પછી દિવસ કે રાત કંઈ સોહામણું લાગતું નથી.

મોરનો કેકારવ સાંભળી ડૂસકાં ભરી રહી છું. હજી સુધી પ્રિયતમ આવ્યા નથી તેથી હું મનમાં ને મનમાં મૂંઝાઈ રહી છું. ચારે બાજુ તંબુની માફક વાદળો ઘેરાઈ રહ્યા છે. જાણે મેઘરાજાના પડાવની તૈયારીઓ થઈ રહી છે. વાલમ પરદેશમાં છે અને મારે બાલવેશમાં રહેવું પડશે. જ્યારે કોકિલનો ટહુકો દિલમાં દર્દ ઉત્પન્ન કરે છે. મદનમોહન વિના દુઃખ શું છે તે હું કોને બતાવું? યુદ્ધમાં જેમ એક શત્રુ બીજા શત્રુના ટુકડા કરે છે તેમ કામ આ શરીરના સો સો ટુકડા કરી નાખે છે.

## દૃશ્ય આઠમું
## **વાસકસજ્જા**

આજે પોતાના પ્રાણપતિ આવવાના છે. એ સમાચારથી હર્ષોલ્લાસમાં ઘેલી બનેલી રાધા વિધવિધ વસ્ત્રોથી પરિધાન થયેલી પોતાની સખીઓ સાથે પોતાના ભવનને વિવિધ પુષ્પો વડે સજાવી રહી છે.

**રાધા :** કોઈવાર હું આલિંગન કરું છું તો કોઈવાર ચમકી ઊઠું છું. કોઈવાર લડી પડું છું તો કોઈવાર મનાવું પણ છું. પ્રત્યક્ષ હોય ત્યારે એકી નજરે જોઈ રહું છું અને પાસે નથી હોતા ત્યારે હૃદય બળતું રહે છે. કંઈપણ કહે છે તો સુખનો વિચાર કરી સાંભળીને સહન કરી લઉં છું. તમારા સોગંદ મારી આ દશા કોને વર્ણવું અને કોને સંભળાવું એ ઘનાનંદના વિના દિવસ કે રાત્રિ વીતતી નથી તો કઈ રીતે વિતાવું ?

**સખી :** શય્યાને સજાવીને, અંગો પર વસ્ત્રાભૂષણો ધારણ કરી. બધાની નજર બચાવી નિંદ્રાના બહાને દ્વાર પર એકીટશે નિહાળતી આળોટી રહી છે. નંદલાલાને મળવા માટે વ્રજબાલા બની ઠનીને ઉતાવળી જઈ રહી છે. પદ્માકર કરે છે કે સ્વયં

દીપશિખા જેવી તેજસ્વી અને ચાંદની જેવી શુભ્ર પોતાના ઘરના આંગણામાં ચારે બાજુ ચમકી રહી છે. એ સુંદરી ઝૂકતી અને ઝૂમતી ચાલી જાય છે પણ તેના પરદાની આડમાંથી ધીમા ઝાંઝરનો ઝંકારનો અવાજ ઓળખાય છે. આ દ્વારમાંથી પેલા દ્વારમાં, આ આંગણથી પેલા આંગણમાં જતી કોઈવાર આંખોની સામે તો કોઈવાર આંખોથી દૂર થતી દામિનીની જેમ ચમકી રહી છે.

**રાધા :** આ માર્ગને તો હું મારી પલકોથી વાળી રહી છું. આ માર્ગથી તો આજે મારા પ્રિયતમ આવવાના છે જેના પર મારા તન, મન અને પ્રાણ સર્વસ્વ ન્યોછાવર છે.
શૈયાને સજાવીશ. એ આવશે એટલે એમના પર ચમર ઢોળાવીશ. મધુર મધુર સ્વરોમાં ગીત ગાઈને હું એમને રીઝવીશ. મારા રસિક પ્રિયતમ આવવાના છે. જ્યારે મળશે ત્યારે હસીને કંઠે લગાવીશ.

## દૃશ્ય નવમું
## શુકલાભિસારિકા

વૃંદાવનવાસી વ્રજવિહારી એ નંદલાલનો વેણુનાદ સાંભળી આકાશનો ચંદ્ર અને યમુનાના નીર સ્તબ્ધ થઈ ગયા છે. રાધા પોતાના ઘરમાં એ વેણુનાદ સાંભળી સ્વચ્છ, નિર્મળ, ધવલ, ચાંદનીના પ્રકાશમાં શૃંગાર કરીને પોતાના પ્રિયતમને મળવા જઈ રહી છે.

**સખી :** ચન્દ્રમુખી ચંદ્રની ચાંદનીના મુખ પ્રકાશને ઝાંખો કરતી વ્રજચન્દ્ર શ્રીકૃષ્ણને મળવા જઈ રહી છે. તેની સ્વાભાવિક સુગન્ધની અતિશયતાથી એવું લાગે છે કે જાણે કુંજોમાં કમળ ખીલી રહ્યા છે તે જ્યાં જ્યાં પગ મૂકે છે ત્યાં ત્યાં તેના ચરણકમળની લાલિમાના નિશાન પૃથ્વી પર પડતા જાય છે. તેની માળા, સાડીની કિનાર, અને કેશપાશમાંથી હજા[illegible] મુક્તામણિઓ ઝરી રહ્યાં છે.

**સખીઓ :** સાયંકાલ શૃંગાર કરીને વ્રજવનિતાઓ હાથણીઓની જેમ મ[illegible] થઈને પ્રિયતમને મળવા જઈ રહી છે. એવું લાગે છે કે જાણે ધ્રુવનક્ષત્રની પરિક્રમા કરવા માટે સંપૂર્ણ ધ્રુવમંડલ ઉદિ[illegible] થઈ રહ્યું છે. આ એકાએક ચારે બાજુ વસંતઋતુ છવાઈ ગઈ અને પ્રત્યેક અંગેઅંગની શોભાનું વર્ણન આ દંપતિ સમાજમાં વાણીથી કરવું કઠિન છે જાણે સાક્ષાત કામદેવે બનાવેલું હાલતુંચાલતું ચિત્ર હોય એમ પ્રિયા અને પ્રિયત[illegible] ચિત્રવિચિત્ર ગતિને સેવક મુરારીદાસ નિહાળી રહ્યા છે !

શુભેચ્છા સાથે........

ટે. નં. ૩૧૮૦૯૦

# સૌરાષ્ટ્ર હાર્ડવેર માર્ટ

દાઉજીની ગલી, સેન્ટ્રલ બેંકની બાજુમાં, ભુલેશ્વર,
મુંબઈ નં. ૪૦૦ ૦૦૨.

"જનતા" ટાવર બોલ્ટસ અને હીંઝીસ મેન્યુફેકચરર્સ

# રતનશી ભાણજી સુડીવાલા

જા મ ન ગ ર.

પીત્તળના હાર્ડવેર બનાવનારના સોલ સેલીંગ એજન્ટ:

ટે. નં. ૧૪૦૯

## —: આ....ભા....ર....દ....ર્શ....ન :—

પુજ્ય ગોસ્વામિ શ્રી ગોકુલનાથજી મહારાજશ્રીના સર્વ પરિવાર ગોસ્વામિ બાળકોએ આ ટ્રસ્ટની રચનામાં દર્શાવેલ ઉત્સાહ અને તે અંગે આપેલ આશિર્વાદ માટે અને અન્ય પુજ્ય ગોસ્વામિ મહારાજશ્રીઓ કે જેમણે આ શુભ કાર્ય માટે આશિર્વાદ આપ્યા છે તેઓ સર્વેનો અમો આ પ્રસંગે ખાસ આભાર માનીએ છીએ. વધુમાં, પુજ્ય ગોસ્વામિ શ્રી મુકુંદરાયજી મહારાજશ્રીએ સ્વલેખિત આ નૃત્યનાટિકા ઉત્સાહપુર્વક ભજવવા લાગણી દર્શાવી તે બદલ તેઓ શ્રી નો પણ અમો ખાસ આભાર માનીએ છીએ.

## અને અમો આપના આભારી છીએ...........

આજના સમારંભના અધ્યક્ષ સ્થાને બિરાજી સર્વેને માર્ગદર્શન આપવા બદલ આપણા શહેરના માનનીય મેયરસાહેબ...

**શ્રી નાનાલાલ ડી. મહેતાના**

આજના સમારંભના મુખ્ય અથિતિવિશેષ તરીકે ખાસ પધારવા બદલ નવભારત ટાઇમ્સના તંત્રીસાહેબ......

**શ્રી મહાવીર અધિકારીના**

ટુંક સમયમાં સ્વેચ્છાએ જાહેરાત તથા ડોનેશન મોકલી આપનાર અથવા તો મેળવી આપનાર, ટીકીટોના વેચાણ માટેની સેવા આપનાર, સુકનવંતા ઇનામો આપનાર તથા મેળવી આપનાર અને પરોક્ષ અથવા અપરોક્ષ દરેક રીતે સેવા આપનાર..

**ગોભકત તથા જીવદયાપ્રેમી દાનવીર સદ્‌ગૃહસ્થો, સંસ્થાઓ, વ્યાપારીભાઇઓ તથા સેવાભાવી કાર્યકરોના અને ખાસ કરીને શ્રી અમરચંદ મોહનલાલ, શ્રી ગોરધનભાઇ ઘીવાલા, શ્રી કાકુભાઇ પરશોત્તમદાસ ચશ્માવાલા વિગેરેના**

આ શુભ કાર્યમાં આરંભથી અંત સુધી દરેક રીતે સેવા તથા સહકાર આપવા બદલ........

**શ્રી મનુભાઇ દેવીદાસ વ્યાસ, શ્રી પરશોત્તમદાસ જે. જોષી તથા શ્રી વિજયકુમાર બાલમુકદ ઠાકરના**

આ પ્રેરક પ્રસંગે વિશાળ સંખ્યામાં હાજરી આવી પ્રોત્સાહન આપનાર........

**આપસૌ ગોભકત પ્રેક્ષકગણના**

With best compliments from

# Harilal & Co.

*Hardware-Brassware & Oil Paints Merchants*

*18, Hasan Chambers, Sayed Abdulla Brelvi Road,*
*(Parsi Bazar Street,)*
*Fort, Bombay-400 001*
*Phone : 255064/250039*

Call : *5832 22*

## PRAFUL BROTHERS


**HARDWARE BRASSWARE, OIL PAINTS & GENERAL ORDER SUPPLIERS**

**Varaj Bhuvan,**
**2nd Floor,**
**Naoroji Lane,**
**Ghatkopar,**
**Bombay-400 086**

## EXCEL STORES SUPPLIERS

**18, Hasan Chambers**
**Sayed Abdulla Brelvi Road,**
**(Parsi Bazar Street.)**
**Fort, Bombay-400 001.**
**Phone : 255064/250039**

430



૧ રૂપિયો

મોહન મુદ્રણાલય, મુંબઈ ૧૫